

# યે હૈ માર્શિયલ આર્ટ્સ કા ઈન્ટરનૅશનલ ખિલાડી...

**ક**રાટેમાં છઠ્ઠી ડિગ્રીનો બ્લૅક બેલ્ટ મેળવનારા મુંબઈના મેહુલ વોરા સેલ્ફ ડિફેન્સની બીજી અનેક કળાના પણ નિષ્ણાત છે. તાજેતરમાં એમના શિષ્યોએ 'ગિનેસ બુક'નો એક વર્લ્ડ રેકૉર્ડ પણ તોડ્યો. આ ઉપરાંત, ફિલ્મસ્ટાર અક્ષય કુમાર સાથે મળીને એ કરાટે સ્પર્ધાનું આયોજન કરી રહ્યા છે.

■ **સમીર** પાલેજા

...અને બધાના શ્વાસ અધ્ધર થઈ ગયા. ૧, ૨, ૩, ૪... ૩૦... છેક ત્રીસ સેકન્ડ સુધી ત્યાં પિન ડ્રોપ સાઈલન્સ છવાયેલી રહી અને પછી પ્રેક્ષકોએ *હિપ હિપ હુર્રે*ના પોકારથી સેટ ગજવી મૂક્યો.

સ્થળ હતું મુંબઈનો જગપ્રસિદ્ધ *આર.કે. સ્ટુડિયો* અને પ્રસંગ હતો *ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડ્સ*માં એન્ટ્રી મેળવવા માટે નવસારીના યુવકોએ આદરેલો એક ભીષ્મ પ્રયાસ.

ભીષ્મ પ્રયાસ એટલા માટે, કારણ કે એ પાંચ યુવકે એક નહીં, પણ પાંચ પાંચ કાંટાળી ભીષ્મશૈયા વચ્ચે સૅન્ડવિચ થઈને ૩૦ સેકન્ડ સુધી એ જ સ્થિતિમાં સૂઈ રહેવાનો પ્રયાસ કર્યો હતો. આ પ્રયાસ સફળ થયો એટલે બ્રિટનના પૉલ એડમ્સ અને એના ત્રણ સાથીઓનો દસ સેકન્ડ સુધી ખીલાવાળી શૈયા પર સૅન્ડવિચ થઈને સૂવાનો રેકૉર્ડ તૂટી ગયો.

નવસારીના કરાટેબાજ વિસ્પી કાસદની આગેવાનીમાં આ વિશ્વવિક્રમ ભારતના નામે થયો. મુંબઈના પ્રસિદ્ધ કરાટે પ્રશિક્ષક મેહુલ વોરાએ આ કરાટેકાઓને કોચિંગ આપ્યું હતું. *કલર્સ* ચૅનલ પરથી પ્રસારિત થયેલા પ્રીટી ઝિન્ટા સંચાલિત *ગિનેસ વર્લ્ડ રેકૉર્ડ્સ અબ ઈન્ડિયા તોડેગા* નામના કાર્યક્રમમાં આ ઈવેન્ટનું પ્રસારણ પણ થોડા સમય પહેલાં થયું.

મેહુલ વોરા *ચિત્રલેખા*ને કહે છે:

'અમે ૨૦૦૩થી આ રેકૉર્ડ તોડવા ઈચ્છતા હતા, પણ *ગિનેસ*ના નિયમ પ્રમાણે એ લોકો જે રેકૉર્ડને તોડવા માટે ખુલ્લો મૂકે એને આંબવાનો જ પ્રયાસ કરી શકાય.'

મેહુલભાઈ એક મજાની વાત કરતાં કહે છે: 'આ રેકૉર્ડ ખુલ્લો મૂકવામાં આવ્યો ત્યારથી અમે

અડધા ઈંચના ખીલાવાળી શૈયા પર ખૂબ પ્રેક્ટિસ કરી હતી, પણ સેટ પર જઈને જોયું તો ત્રણ ઈંચના ખીલાવાળી શૈયા હતી. અમે વિરોધ કર્યો, કારણ કે મૂળ રેકૉર્ડ જેની ટીમના નામે હતો એ પૉલ એડમ્સે અડધા ઈંચના ખીલાવાળી શૈયા પર આ વિક્રમ રચ્યો હતો. જો કે આયોજકો આખરી મિનિટે કોઈ ફેરફાર કરી શકવાની સ્થિતિમાં નહોતા એટલે અમારી ટીમે ત્રણ ઈંચના ખીલા પર આ રેકૉર્ડ તોડી દેખાડ્યો.'

બીજી આશ્ચર્યની વાત એ છે કે આ રેકૉર્ડ બનાવનારા પાંચ કરાટેકામાંથી બે કરાટેકા તો વ્હાઈટ બેલ્ટ ધરાવતા હતા. મતલબ કે એમણે કરાટે શીખવાની હજી શરૂઆત જ કરી હતી! મેહુલ વોરાએ એમને હાડકાં તથા સ્નાયુ મજબૂત કરવા માટે શ્વાસોચ્છ્વાસની લયબદ્ધ ટેક્નિકની ખૂબ પ્રેક્ટિસ કરાવી હતી.

શિખાઉ કરાટે વિદ્યાર્થીઓને *ગિનેસ બુક*માં ચમકાવનારા મેહુલ વોરા પોતે હજી ૩૨ વર્ષના જ છે. કરાટે કે માર્શિયલ આર્ટ્સના ક્ષેત્રમાં એમણે નાની વયે ઘણા મુકામ સર કર્યા છે. એમની સંસ્થા *નિપોન બુડો સોગો ઈન્ટરનૅશનલ* (ઈન્ડિયા) ભારતની પહેલી એવી કરાટે સંસ્થા બની છે, જેની શાખા તાજેતરમાં અમેરિકાના મિયામીસ્થિત ફોર્ટ લોરાડેલમાં શરૂ થઈ છે.

મેહુલ વોરા કહે છેઃ

'થોડા સમય પહેલાં પૉલ ડી. કોગન નામના કરાટે પ્રશિક્ષક ઉચ્ચ તાલીમ લેવા ભારત આવ્યા હતા. અમારી સંસ્થામાં ટ્રેઈન થયા પછી એમણે તરત અમારી પાસે એફિલિયેશન લઈ લીધું અને ફોર્ટ લોરાડેલમાં *નિપોન બુડો સોગો*ની શાખા શરૂ કરી. ફોર્ટ લોરાડેલ અમેરિકન આર્મી અને નેવીનું થાણું હોવાથી ઘણા સૈનિકો પણ પૉલ પાસે કરાટે શીખવા આવે છે.'

સામાન્ય રીતે ભારતના માર્શિયલ આર્ટ્સ પ્રશિક્ષકો જપાન, ચીન, મલયેશિયા, કોરિયા કે અમેરિકાની સંસ્થાઓ પાસેથી એફિલિયેશન લે છે, પણ કોઈ અમેરિકન કરાટેકાએ ભારતની સંસ્થા સાથે જોડાણ કર્યું હોય એ આ પહેલો પ્રસંગ છે. ઑક્ટોબર મહિનામાં મુંબઈમાં હિંદી ફિલ્મજગતના જાણીતા ઍક્શન ઍક્ટર અક્ષય કુમાર સંચાલિત આંતરરાષ્ટ્રીય કરાટે સ્પર્ધા યોજાશે ત્યારે આ અમેરિકન પૉલ કોગન એમાં ભાગ લેવા માટે પોતાના વિદ્યાર્થીઓ સાથે ભારત આવવાનો છે.

*અક્ષય કુમાર કરાટે ટુર્નામેન્ટ*ના ટેક્નિકલ ડિરેક્ટર પણ મેહુલ વોરા જ છે. અગાઉ એમણે *સેવન ડેડ્લી આર્ટ્સ* નામની ટીવીસિરિયલ માટે અક્ષય કુમારના માર્શિયલ આર્ટ્સના મૂવ્ઝ કૉરિયોગ્રાફ

***બાણશૈયા પર માનવપિરામિડનો હેરતંગેજ ખેલઃ મેહુલ વોરાના નવસારીસ્થિત શિષ્યોએ 'ગિનેસ વર્લ્ડ રેકૉર્ડ અબ ઈન્ડિયા તોડેગા' નામના કાર્યક્રમમાં વર્ષો જૂનો બ્રિટિશ વિક્રમ તોડી નાખ્યો!***



# કરાટે એટલે શું?

મેહુલ વોરા કહે છે કે કરાટે એ સેમિ-મિલિટરી ટ્રેનિંગ છે. પૂર્વના દેશમાં પીટીના પિરિયડમાં કરાટે શીખવાડે છે. આપણે ત્યાં પીટીના પિરિયડમાં કંઈ કરાવતા નથી. ઓછામાં ઓછા અઠવાડિયે બે પિરિયડ કરાટે માટે ફાળવવા જોઈએ. મુંબઈ, દિલ્હી, ગુજરાત અને પંજાબમાં ઘણી સ્કૂલોમાં કરાટે કમ્પલ્સરી છે.

કરાટે જપાનીસ શબ્દ છે. એનો અર્થ થાય ખાલી હાથ. કરાટે શીખવાના ઘણા ફાયદા છે.



***અક્ષય કુમારે પોતે શરૂ કરાવેલી કરાટે સ્પર્ધાનું આયોજન મેહુલ વોરાને સોંપ્યું છે.***

એનાથી શિસ્ત આવે છે. શરીરની લવચીકતા વધે છે, ડર-લઘુતાગ્રંથિ નીકળી જાય છે, આત્મવિશ્વાસ વધે છે. મેહુલ વોરા કહે છેઃ

'શહેરોમાં મેદાની રમત રમવાની જગ્યા નથી અને બાળકો ટીવી-કમ્પ્યુટરમાં રચ્યાં-પચ્યાં હોય છે ત્યારે બાળકોમાં કરાટે શીખવીને આ ગુણ ખીલવવાની ખાસ જરૂર છે.'

કરાટેથી મિલિટરી જેવી ટ્રેનિંગ મળે છે. તમે મોટા ગ્રુપના ભાગ બની શકો છો. સિનિયર્સ માટે આદર અને જુનિયર્સ માટે જવાબદારી અનુભવી શકો છો.

મેહુલ વોરા કહે છે કે કરાટે ક્લાસની પસંદગી કરતાં પહેલાં ચેક કરવું જોઈએ કે કરાટે ક્લાસમાં ટીચરે કરાટેનો ડ્રેસ પહેર્યો છે કે નહીં. એમણે બ્લૅક બેલ્ટ મેળવ્યો છે કે કેમ? એમની પાસે ટીચિંગનું લાઈસન્સ છે કે નહીં? એ જ રીતે *ઑલ ઈન્ડિયા કરાટે-ડૉ ઍસોસિયેશન* અંતર્ગત આવતી જે-તે રાજ્યની સંસ્થા દ્વારા પ્રમાણભૂત હોય એવા પ્રશિક્ષક પાસે જ કરાટે શીખવું જોઈએ.



*'આઈકી જ્યુ જુત્સુ'નો સપાટોઃ ફક્ત કાંડાંની કરામતથી બન્ને હરીફ ચીત.*

કર્યા હતા. ૨૦૦૪માં *નૅશનલ જ્યોગ્રાફી*એ આ ટીવીસિરિયલ બનાવવાનું નક્કી કર્યું ત્યારે અક્ષય કુમારે કોઈ યુવાન માર્શિયલ આર્ટ એક્સ્પર્ટ સાથે કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરેલી. કોઈએ મેહુલ વોરાનું નામ સૂચવ્યું અને પછી જે થયું એ ઈતિહાસ છે. એ વખતે પચ્ચીસ વર્ષના મેહુલે અક્ષયનો વિશ્વાસ સંપાદન કરી લીધો અને ૨૦૦૯માં અક્ષયે કરાટેની ભવ્ય સ્પર્ધા યોજવાનું પોતાનું વર્ષો જૂનું સપનું મેહુલ વોરાના માર્ગદર્શનમાં પાર પાડ્યું. પછી ૨૦૧૦માં અક્ષય કુમાર કરાટે ટુર્નામેન્ટનું દ્વિતીય સંસ્કરણ યોજાયું, જેમાં દેશભરમાંથી ૫૩,૦૦૦ એન્ટ્રી આવી, ૪૫૦૦ લોકોને એમાં ભાગ લેવાની તક મળી, ૨૮૨ કૅટેગરીમાં ઈનામ આપવામાં આવ્યાં. અક્ષયે ખુદ ત્રણ વાર હાજરી આપીને કરાટેકાઓનો ઉત્સાહ વધાર્યો. અક્ષય અને બીજા સ્પૉન્સર્સે એક કરોડ રૂપિયા આ ટુર્નામેન્ટ પાછળ ખર્ચ્યા હતા. હવે ઑક્ટોબર, ૨૦૧૧માં યોજાનારી આ સ્પર્ધા માટે અક્ષયે રૂપિયા બે કરોડનો ખર્ચ કરવાની જાહેરાત કરી છે.

મેહુલ વોરા કહે છે કે ૨૦૧૧ના ઑક્ટોબરમાં આ સ્પર્ધાનું ત્રીજું સંસ્કરણ યોજવાની જોરદાર તૈયારી થઈ રહી છે. આ વખતે માત્ર ભારત જ નહીં, પણ આશરે ૬૫ દેશના કરાટેકા એમાં ભાગ લે એવી વકી છે. અક્ષય કુમારની ઈચ્છા ભારતમાં કરાટેને દરેક શાળામાં પહોંચાડવાની છે. એ માટે એણે દેશના સ્પોર્ટ્સ મિનિસ્ટરને પત્ર લખીને દરેક શાળામાં કરાટેને ફરજિયાત બનાવવાની વિનંતી કરી છે.

જો કે ભારતની દરેક સ્કૂલમાં કરાટે ફરજિયાત થાય ત્યારની વાત ત્યારે, પણ આગામી શૈક્ષણિક વર્ષથી કેન્દ્રશાસિત પ્રદેશ દમણની દરેક સ્કૂલમાં કરાટેના વર્ગ ફરજિયાત થઈ જવાના. મેહુલ વોરા કહે છેઃ

'દમણના એક ઉચ્ચાધિકારી પોતે પણ કરાટેના નિષ્ણાત હોવાથી જૂન મહિનાથી દમણની તમામ ૧૩ સ્કૂલમાં મફતમાં કરાટે શીખવવાની જોગવાઈ થઈ છે. અમે આશરે ૨૬ પ્રશિક્ષકની નિમણૂક કરવાના છીએ. દોઢ લાખની વસતિવાળા દમણમાં કુલ ૨૦,૦૦૦ વિદ્યાર્થી છે. સાડા પાંચ વર્ષ જો ક્લાસ ચાલુ રહ્યા તો આશરે ૧૫,૦૦૦ વિદ્યાર્થી બ્લૅક બેલ્ટ સુધીનું શિક્ષણ મેળવશે.'

> ટીવી-કમ્પ્યુટરમાં રચ્યાંપચ્યાં રહેતાં આજનાં બાળકોને કરાટે શીખવવાથી એમનું શરીર-મન તો ચુસ્ત બનશે જ, સાથે એમનામાં શિસ્ત અને આત્મવિશ્વાસ પણ આવશે.

મેહુલ વોરાની માર્શિયલ આર્ટ્સ સંસ્થાનું ગુજરાતમાં વ્યાપક નેટવર્ક છે. વાપી, પંચમહાલ, ગોધરા, વડોદરા, નવસારી, સુરત, બિલિમોરા, બારડોલી, વાંસદામાં એમના ક્લાસિસ છે. ભારતમાં ગોવા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, તામિલનાડુ, જમ્મુ, છત્તીસગઢ અને ઝારખંડમાં પણ એમના ક્લાસિસ છે.

મેહુલ વોરાએ કરાટે શીખવાનું કેવા સંજોગોમાં શરૂ કર્યું એ પણ રસપ્રદ છે. એ મૂળ જામનગરના, પણ જન્મ-ઉછેર મુંબઈમાં. ૧૯૮૧માં સ્કૂલમાં ભણતા ત્યારે બહુ નબળા શરીરના. કાયમ બીજા છોકરાઓનો માર ખાઈને આવે. પછી મમ્મીએ કરાટે ક્લાસ જોઈન કરાવ્યા. મેહુલને કંઈ બહુ ગમે નહીં, ત્રણ વર્ષ જેમ-તેમ કાઢ્યાં. અગાઉ વારંવાર બીમાર પડતા એ ઓછું થઈ ગયું. એટલું જ નહીં, છોકરાઓએ મારવાનું બંધ કર્યું અને આદરથી જોતા થયા. પછી તો કરાટેમાં રસ જાગ્યો અને આંખ મીંચીને મંડી પડ્યા. બ્લૅક બેલ્ટની પરીક્ષા પાસ કરી. ૧૯૯૪-૯૫માં *નૅશનલ ચૅમ્પિયન* અને ૧૯૯૬માં *એશિયન ચૅમ્પિયન* થયા. જપાનમાં ટ્રેનિંગ પણ લીધી.

કરાટે તો ખરું જ, પણ *જ્યુડો, તલવારબાજી* અને *કિક બૉક્સિંગ*માંય મેહુલ વોરા નિષ્ણાત છે. ઈઝરાયલની *ક્રાવ માગા* પણ શીખ્યા છે. એ *મહારાષ્ટ્ર કરાટે-ડૉ ઍસોસિયેશન*ના પ્રમુખ પણ રહી ચૂક્યા છે. એમણે આમ તો પાઈલટ બનીને એવિયેશનમાં કરિયર બનાવવી હતી, પણ ઘરવાળા એમને ડૉક્ટર બનાવવા માગતા હતા. છેવટે કૉમર્સમાં ઍડ્મિશન લીધું. જો કે કવિતા-સાહિત્યનો ખૂબ શોખ. ઉર્દૂ, ગુજરાતી અને અંગ્રેજીમાં કવિતા લખે છે. અત્યારે બે પુસ્તક લખી રહ્યા છે. એક ઝેન ફિલોસોફી પર આધારિત છે, *બેસ્ટ સ્વૉર્ડ સ્ટે ઈન ધ કાર્બેટ* અને *બ્લૅક બેલ્ટ મેન્યુઅલ ઑન માર્શિયલ આર્ટ*. મેહુલની ઈચ્છા સ્વરચિત કવિતાનું પુસ્તક બહાર પાડવાની પણ છે.

મેહુલ વોરાએ રિસ્ક મૅનેજમેન્ટ કંપની સેટ કરી છે. ગયા વર્ષે બ્રાડ પીટ અને એન્જેલિના જોલી મુંબઈ આવ્યાં ત્યારે એમની કંપનીએ રિસ્ક મૅનેજમેન્ટનો અભ્યાસ કર્યો હતો. એમની કંપનીમાં ૧૫૦ માણસ છે. મુંબઈ સ્ટૉક એક્સચેન્જ, પેગોડા અને સેના ભવન એમના ક્લાયન્ટ છે. અલબત્ત, એમનો જીવ તો કરાટેમાં છે. કરાટેને લગતા બીજા ત્રણ વિશ્વ વિક્રમ તોડવા માટે એમણે *ગિનેસ બુક*ને અત્યારથી લખી નાખ્યું છે.

■ *તસવીરોઃ* ***વિજયન રાઘવન***

feedback2spaleja@chitralekha.com